શૂરવીર શિવાજી

નાટકના ઓપેરા.

વાંકાનેર "આર્યહિતવર્દ્ધક" નાટક કંપની માટે.

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક.

આવૃત્તિ સાતમી પ્રત બે હજાર.

શ્રી મહેશ મુદ્રાલય—સુરત.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કીંમત રૂ૦ ૦-૨-૦

જાહેર ખબર.

શ્રી વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપનીમાંથી નાટક કંપનીઓ તથા રામલીલા કરવાવાળાને લગતો સેકન્ડહેન્ડ સામાન કીફાયત ભાવે મળશે.

*** હવે પછી થવાના ખેલો જે થોડા વખતમાં બહાર પડશે.

૧ શ્રી કૃષ્ણલીલા.

૨ નામદેવ ભક્ત.

૩ અખંડ બ્રહ્મચારી ભક્તરાજ ભીષ્મ પીતામહ.

શૂરવીર શિવાજી નાટકનો ટુંક સાર.

અંક પેહેલો.

પ્ર. ૧ માં—આરંભમાં અપ્સરાઓની ઇશ્વર પ્રાર્થના.

પ્ર. ૨ માં—**શિવાજી, દાદાજી** કોંડદેવ, ન્યાયશાસ્ત્રી **રૂઘનાથપંથ, તાનાજી** માલુસરે, **મોરોપંત અને ચંદ્રરાવ** વિગેરે સૈનિકોની રાજખટપટ, શિવાજીની સ્તુતીથી દેવી ભવાનીનું આવવું અને શિવાજીને એક ભવાની નામે તલવાર આપી આર્ય ધર્મ પ્રવર્તાવવા તેની આજ્ઞા. **રઘુનાથ** સિંહ હાવીલદારને કેટલાક કાગળો આપી તોરણાગઢ મોકલે છે. શિવાજીની વિજાપૂર જવા તૈયારી.

પ્ર. ૩ માં—તોરણીમાતાના પુજારી જનાર્દનની ઉછેરેલી કન્યા સર્યુની મદન પીડામાં તેની સખીઓની હાંસી.

પ્ર. ૪ માં—**રઘુનાથ**સિંહનું તોરણાગઢ આવવું, શિવાજીના કાગળો કિલ્લેદારને આપી જનાર્દનને મળવા જતાં સર્યુનું અપુર્વ સૌંદર્ય જોઇ પ્રેમાશકત થવું, સર્યુનું પણ રઘુનાથ પર મોહિત થવું, રઘુનાથને જનાર્દનનું મળવું અને શિવાજીના સમાચારનું જાહેર કરવું, જનાર્દનનું રઘુનાથને જમવા રોકી દેવીની પૂજા કરવા જવું, પાછળથી રઘુનાથનો અને સર્યુનો નેત્ર મેળાપ, સર્યુની પ્રેમબેશુદ્ધિમાં પડી ગયેલ કંઠમાળા, રઘુનાથ સપ્રેમે સર્યુને પહેરાવી વિદાયગીરી લઇ જાય છે.

પ્ર. ૫ માં—વિજાપૂરમાં શિવાજીની અફઝલખાંથી મુલાકાત. ત્યાં રઘુનાથનું કિલ્લેદારનો પત્ર લેઇ આવવું. ત્યાંથી શિવાજીનું પુના સર કરવા ચડી જવું.

પ્ર. ૬ માં—સાઇસ્તખાનનું ઘર. પહેરેગીરિની મુર્ખાઇ. શિવાજી પૂના સર કરે છે અને ત્યાંથી રૂદ્રમંડળનો કિલ્લો સર કરવા ઉપડી જાય છે.

પ્ર. ૭ માં—**શિવાજીના** કુમાર **શંભાજી** અને તેના મિત્રોની ગપની ગમ્મત.

પ્ર. ૮ માં—શિવાજીનો જયસિંહ પાસે જઇ સલાહ કરવા વીચાર. રૂદ્રમંડળ સર કરી જયસિંહ સાથે સલાહનું વર્ણન.

પ્ર. ૯ માં—રઘુનાથસિંહના વિયોગથી સર્યુનો સંતાપ. ત્યાં રઘુનાથનું રૂદ્રમંડળનો કિલ્લો સર કરવા જવાનું હોવાથી સર્યુને મળવા આવવું, સર્યુની ભેટ અને દાંપત્ય પ્રેમનું અવલોકન રઘુનાથનું ખેદયુક્ત રજા લઇ જવું.

પ્ર. ૧૦ માં—રૂદ્રમંડળની લડાઇમાં રઘુનાથનું ઘાયલ થવું. તેના મન પરાક્રમ અને સ્વામિભક્તિથી શિવાજીની તેને શાબાશી.

પ્ર. ૧૧ માં—રાજદ્રોહી ચંદ્રરાવનો રઘુનાથ ઉપર દ્વેષ હોવાથી અને રઘુનાથ યશસ્વી થવાથી તેને ફસાવવા ચંદ્રરાવનો સંકલ્પ.

અંક બીજો.

પ્ર. ૧ માં—જયપુરના મહારાજા **જયસિંહ** અને શિવાજીની મુલાકાત. શિવાજી પાદશાહ સાથે સલાહ કરવા જયસિંહ જોડે બંધાય છે. રૂદ્રમંડળની લડાઇમાં કરેલ કેદીનો છુટકારો. ચંદ્રરાવ રઘુનાથ ઉપર બંડખોરનો આરોપ મુકે છે. રઘુનાથ નોકરીથી દુર—

પ્ર. ૨ માં—લક્ષ્મીની (રઘુનાથની બ્હેન અને ચંદ્રરાવની સ્ત્રી) ચંદ્રરાવને પોતાના ભાઇ ઉપર કૃપા રાખવા વિનંતિ. લક્ષ્મી ઉપર ચંદ્રરાવનું ગુસ્સે થવું. લક્ષ્મીનું અંબીકાનાં દર્શને જવું.

પ્ર. ૩ માં—રઘુનાથ—બંડખોર ઠરવાથી પરિતાપ કરતો સુતો છે ત્યાં તેને તેની બ્હેન લક્ષ્મી આવી મળે છે, લક્ષ્મી રઘુનાથ પાસેથી વચન લેઈ ચંદ્રરાવ ઉપરનું વેર છોડવે છે તેમજ તેને હિમ્મત આપી દિલ્હી જઇ પરાક્રમ કરવાનું કહી જાય છે. રઘુનાથનું સર્યુના પ્રેમની પરીક્ષા કરવા સન્યાસી વેશ ધારણ કરી જવું.

પ્ર. ૪ માં—સર્યુને રઘુનાથ બંડખોર ઠર્યાના ખબર. રઘુનાથનું સન્યાસી વેશે સર્યુ પાસે આવવું. અને તેની મનોવૃતિ જાણી પોતાનું સીતાપતી નામ આપી જવું. જનાર્દન સર્યુને રઘુનાથપર આશક્ત થયેલી જાણી તિરસ્કાર કરી કાઢી મુકે છે.

પ્ર. ૫ માં—શિવાજીની દિલ્હી પાદશાહ સાથે સલાહ કરવા જવાની તયારી. રઘુનાથનું શિવાજીને સન્યાસી વેશે આવી મળવું. રઘુનાથનું શિવાજી દિલ્હી જાય છે જાણી દિલ્હી તરફ નીકળી પડવું.

પ્ર. ૬ માં—શિવાજીના સેવક આનંદરાવનું ઘર. ત્યાં આનંદરાવનો તેની સ્ત્રી સાથેનો હાસ્યવિનોદ.

પ્ર. ૭ માં—શંભાજી પોતાની માતુશ્રી પાસે પોતાના પિતાજી સાથે દિલ્હી જવા આજ્ઞા માગે છે. ત્યાં શિવાજીનું આવવું અને સંભાજીના આગ્રહથી તેને સાથે લેઇ દિલ્હી જવું.

અંક ત્રીજો.

પ્ર. ૧ માં—શિવાજી, શંભાજી અને ન્યાય શાસ્ત્રી રઘુનાથ પંતને જયસિંહના પુત્ર રામસિંહ આવી મળે છે. તે શિવાજીને હિમ્મત આપી સાદર દિલ્હી શહેરમાં તેડી જાય છે.

પ્ર. ૨ માં—ઔરંગજેબની કચેરી. શિવાજીનું અપમાન.

પ્ર. ૩ માં—ઔરંગજેબ શિવાજીને કેદ કરવા હુકમ કરે છે તે નહિ કરવા દાનીશમંદનો બોધ, ત્યાં રામસિંહ આવે છે અને

ઔરંગજેબને શિવાજીને છુટો કરવા વિનંતિ કરે છે. ઔરંગ-
જેબનું તે નહિ માનતાં ચાલ્યા જવું.

પ્ર. ૪ માં—શિવાજી કેદમાં. રઘુનાથસિંહનું સન્યાસી વેશે આવી શિવાજીને નાસી જવાના માર્ગનું બતાવવું, ત્યાં તાનાજી માલુસરેનું હકીમના વેશે આવવું, શિવાજી અને શંભાજીનું ટોપલામાં બેસી નાસી છુટવું.

પ્ર. ૫ માં—દિલ્હી શેહેરની પ્રજાનો ત્રાસદાયક પોકાર.

પ્ર. ૬ માં—શિવાજી અને શંભાજી ટોપલામાંથી બહાર નિકળી ગોંસાઇનો વેશ પહેરે છે ત્યાં પાદશાહનાં માણસો આવે છે અને શિવાજીને ઓળખે છે, તેમાંથી રઘુનાથ શિવાજીને બચાવે છે. રઘુનાથનું પ્રગટ થવું.

પ્ર. ૭ માં—શંભાજી પોતાની માતુશ્રીને આવી મળે છે અને પોતાના પિતાજીના આવવાના ખબર આપે છે.

પ્ર. ૮ માં—રાયગઢમાં શિવાજી રાજ્યપદ ધારણ કરે છે. સૈનિકોને ઇનામ—

પ્ર. ૯ માં—રઘુનાથસિંહ શિવાજી પાસે મોટું સન્માન અને ઇનામ પામવાથી ચંદ્રરાવ દ્વેષથી તેને મારવા આવે છે. બંનેની લડાઇ. ત્યાં શિવાજી આવે છે અને ચંદ્રરાવને કેદ કરે છે. ચંદ્રરાવનાં કાવતરાં ખુલ્લાં થાય છે. ચંદ્રરાવ આત્મઘાત કરી મરણ પામે છે. ત્યાં લક્ષ્મીનો કરૂણાજનક વિલાપ.

પ્ર. ૧૦ માં—વિશ્વાસરાવ અને અજીતરાવ લક્ષ્મીના સતીત્વની પ્રશંસા કરતા નીકળે છે.

પ્ર. ૧૧ માં—સર્યુ જનાર્દનના તિરસ્કારથી નીકળી ગોકર્ણ પટેલના ઘરે આવી રહી છે. ત્યાં તેને રઘુનાથ તથા જનાર્દન આવી મળે છે. રઘુનાથ સાથે સર્યુના લગ્ન. "પ્રેમી જોડાને ઇશ્વરસાનુકુળ." છેવટનો આનંદ.

ॐ श्रीहरि.

શૂરવીર શિવાજી

નાટકનાં ગાયનો.

(૧)

ચિત્ત નિત ચાહેરે
ગાવા નિગુણ સગુણ ગુણ તારા;
અમ બાળની તું વિપત વિદાર
હર હર પ્રભૂ પ્યારા કાપો પાપ જગરાય—ચિત્ત૦
મારા તાતા હિતપર મારી, મનોવૃતિ સ્હેજે વારી
જોઈ જોઇ ન્યારી ન્યારી, તારી મોહ માયા મહીં.
ચુપ થઇ ગુપ થઇ, વિસરે સુબુધ સહી
વિભુ એક છેક તું ચરણ શરણ ગૃહી
તારનાર તુજવીણ કોઇ નહીરે.—ચિત્ત.

શિવાજી— (૨)

સદા અરિ ઠાર કરૂં હાથે અસિ ધારીરે
હાથે અસિ ધારી કરૂં તેની હું ખુવારીરે
જ્યાં જોઉં ત્યાં જોર અરિનું
મારૂં ઠાર ઠાર શોધી શત્રૂઓ સંભારીરે.

રૂઘનાથપંત— (૩)

દિલ્હી રાજ મસ્ત આજ છત્ર શિર ધરે
ક્ષત્રિયોનાં નામ ઠામ હામ સઉ હરે
શત્રુ ત્રાસથી આવાર આર્ય સઉ કરે પોકાર
ક્ષત્રિ વીર જો ભૂપાલ હોય આ અવની મોઝાર
દુષ્ટ આમ ઠામ ઠામ જુલમ શું કરે.

શિવાજી— (૪)

દાદા દિલ આમ શંકા શીદ આણો
ખરી હિમ્મત મુજપર માણો
નીતી શાસ્ત્રનો નાશ કરે તે કેમ જુવે ક્ષત્રિ જાણો
સજ્જ થઇ યોધ્ધા સંગ લેઇને, કરીશ પ્રેમથી પરિયાણો.

દાદાજી— (૫)

શિવાજી શુરવીર પ્યારા મારા સત્વર થા તૈયાર
હિંમ્મત ધારી કર તૈયારી જલ્દી તું આવાર
ગૌ દ્વિજ કેરી રક્ષા માટે શત્રુને સંહાર.

શિવાજી—મારૂં ઠાર અરિ આવાર દુષ્ટ ભુવન ઉખેડી કાઢું
અવનીતલથી બહાર—

શિવાજી— (૬)

સાહ્ય થા શ્રી ભવાની
કળી તણો કેર ખરે દુષ્ટ સુખે રાજ કરે
ગૌ વિપ્રોની હત્યા અરે, પવિત્ર આ ધરાપરે

નજરે ના જોવાય હુંથી ના ખમાય
હાય થાય મુજ હાની હાની હાનિ
આર્યનું ગૌરવ હું કોની પાસે જઈ કહું
સંકટ સમયે શિશુ મ્હારૂ, સાહ્ય એક માની માની માની.

ભવાની— (૭)

બેટા ના ધર દુઃખ હૃદે, સમયોચિત સહુ થાય.
ચતુર્થાંસ આ જુગ મહીં છે તારો મહિમાય
તેને અવિચળ રાખવા પ્રગટ થયો શિવરાજ
લે આ અસિ મુજ નામની, સિદ્ધ થશે તુજ કાજ.

સામંતો,—શિવાજી (૮)

પ્રભુ ભારી હિમ્મત ધારી શત્રુ સંભાળી
ખંજર મારી જખ્મ કારી અરિને કરીશું ઠાર
દુષ્ટ મુળજડથી કાઢો હિમ્મત ધારીરે
ઠાર, ઠાર, ઠાર,—
ચાલો સુધીરો શાબાશ વીરો ને રણધીરો
મારીને તીરો, સમર ભુમાં શત્રુને કરવા ઠાર.

સર્યુ— (૯)

મારૂં ચિત્તનિત ભમે છે, સ્મર દુશ્મન થઇને દમે છે.
આ પક્ષી વૃંદ રમે છે, તે જોઇ બહુ મન ડગે છે.
આ કોકીલા મન હરખે છે ઉર અનંગ આગ ધખે છે
આ ભુંડી વેરણુ થઇ શું બોલે ? અંતર મારૂં અતિશય ડોલે
ચિત્ત ચડાવે છે ચકડોળે, નથી જંપ ફરતું રવઘોળે

મુજને તું શીદ પજવે છે શીદ મધુરૂં ગાન રવે છે,
નથી ગમતું, નથી ગમતું નહી દમતું દયા ધરતું
અનહદતું દુઃખ પ્રદતું, નહિ વદતું મયા કરતું,
દુઃખ દેવું કેમ ગમે છે ? સ્મર.

સાહેલીઓ— (૧૦)

વાહ ? વાહ ? તુજ ચટક લટક અલબેલી એલી આહા !
થઇ થઇ તું જોબન રંગમાં ઘેલી ઝુલે શી, વા !
છેલી ઘેલી ન થા
અલી ધીરી તું થા
બહુ શાણી ન થા
તારી જાણી છટા
સર્વ—મ્હેની ન સતાવ ન દુભાવ મુને જાવો
બધી—મન હાથી વશ સખી નવ થા—વાહ.

રઘુનાથ— (૧૧)

શાં પાપ કર્યાં મેં ભારી, હરિ હાય ગતિ આ શી મારી..
ગમતાં, જમતાં, રમતાં, સુખ હણી
દુખ તણી મુજ ભણી, આવી છે વિપત્તી ઘણી.
હરિ હરિ મુજ મતી હારી—શાં૦
મુકી મરી ગઇ માત ગયા શિરછત્ર તાત
નથી સહોદર ભ્રાત, સુખ દુઃખ તણી વાત
કહી કોને થઉં શાંત, જોઇ આવો ઉત્પાત
પામુ પુરો પરિતાપ, હરે અધિકો સંતાપ

પ્યારી બ્હેન ક્યાં હશે, મુકી રાનને વિષે
એના હાલ શા થશે, દુઃખ પામતી હશે
દિન રાતને વિશે, ચિત ચિંતા અતિષે.

રઘુનાથ— (૧૨)

રંભા રૂપાળી ભાળી
ગૌર પ્રફુલ્લિત તન, મૃગ સમ લોચન
મોહ મુર્છીત થઉં ન્યાળી—રંભા
કટી કેશરી શી શોભે, મુનિજન મન પણ લોભે
નવલ યૌવન મદવાળી—રંભા.

સર્યુ— (૧૩)

વાહ વિધાતા તુજને ધન્ય શી છબિ ઘડી છે,
શી છબિ ઘડી છે, રૂડી દૃષ્ટિએ પડી છે
વિશાળ કપાળ, ચાલ શુરાના સમાન શોભે,
પ્રદ્યુમન મુર્તિ અહીં આવી શું ચડી છે.

રઘુનાથ— (૧૪)

હો, મનહારિણી મુને શે પ્રાપ્ત થાય રે
લલિત લાવણ્યવતી છે એ લલના
જનાર્દનની કુંવારી કન્યાય રે
કરમ મારાં સારાં હોયજ ક્યાંથી
સર્યુ સાથે સંબંધ સંધાય રે.

સખીઓ— (૧૫)

ખ્હેની મારી સુર્ય વિલાસી, પ્રીતિની પ્યાસી
ને સુખરાશી તુંજ તું
કોકીલ વેણી ને મૃગ નેણી
શી રીતે વિસારૂં તેને હુંજ હું
સુંદર એનું મુખ જોવાને
આવે છે ઉમંગ ઉર આજ શું
સત્વર થાઉં મળવાને ચાહું
ચાલ જાઉં દોડી એની પાસ હું.

રઘુનાથ— (૧૬)

ખરે પ્રેમે માગું જોડી હાથ,
સ્વામી મારા રે હું ઇચ્છું તમ સાથ—ખરે પ્રેમે.
સંગે આવું રે કુળને શોભાવું. (૨)...........
...........શીદ લે છે સંકટમાં ભાગ.......
વચન જે આપ્યું રે, જાય ના ઉથાપ્યું રે (૨)......
...........ચાલો સત્વર કરો શુભ કાજ.

સીપાઇઓ— (૧૭)

બસ ચલાઓ સબપર અયસા હુકમ
અયસા હુકમ હમ મારેંગે દમ
ઇધર ઉધરસે કબજ કરે સબ
ચૂએ મરેઠાકાં કરકે જખમ—
મુગલસે યારો ડરે ન અયસા
આલમ મેં હય કોન અજબ આદમ

સખત હુકમ હય દિલ્હી તખતકા
રૂવાબસે ડરતી સારી આલમ—

છોકરાઓ— (૧૮)

રહો યાર સહુ લહેર મેહેરમાં વાત મળી કરો સહુ એની;
જુઠું બોલી કપટ ભરેલી વાત કરે નહિ કો કેની.
બસ કરને બેટા ભારે મોટી વાતો શી;
નિત ઝઘડા એવા કરવા ખોટી વાતો શી ?
હું મારીશ થપ્પડ બોલ નહિ બસ કર બચ્ચા તું
મારી સામે ગડબડ કાંઇ નવ કર લુચ્ચા;
બચ્ચા મારી જો, પંજો ન્યાળી જો.
લપ્પડ થપ્પડ મારી જો, બચ્ચાજી સંભાળી જો.
છોડો ઝેર વેર કરો લહેર મહેર—(૨)

(૧૯)

રમો રાસ મળી સઉ સંગ, કરી રંગ, ધરી અંગ
ઉછરંગ, ને ઉમંગ,
દઇ સાથે સઉ એક તાળી, તાન માન તણી હદવાળી.
કરો આનંદ સંગ રંગ ઢાળી, રંગ ચંગ, કરી જંગ—
પગ પ્રહારે ધ્રુજાવો ધરતી, ચાલ ચાલો એવી મન હરતી.
એક ઠાઠે તાળી સઉ ઠરતી, થાય દંગ, જોઈ રંગ.
સઉ સંગ આ પ્રસંગ.

શિવાજી— (૨૦)

શત્રુને ઠાર મારો મારો મારોને મારા ભ્રાત.

કામથી હામથી નામથી હામથી આમથી તેમથી.
હામ થકી અસિ હાથ ધરી, અરિ સંગ લડી કરશું જય આજે
આર્ય તણો ઉત્કર્ષ કરી મન હર્ષ ભરી ચડશું રણમાં જે
પ્રાણ જતાં પડતી નહિ થાય, શું થાય જતાં શિર આ અમ આજે
મારો ફોડી, કિલ્લો તોડી, ઝટ ઝટ ઝટ.
ભય છોડી, ચાલો દોડી, ઝટ ઝટ ઝટ.
ચાલો સાથે પ્રીતી જોડી—

સખી— (૨૧)

ચિન્ત ચોરીને પ્રિય પ્રાણ પંથ પધાર્યારે.
દુઃખિયારી હું દિલ માંય, દગ્ધ થઉં દારારે.
વસંત ૠતુમાં વ્હાલ ઉપરથી આણ્યું રે,
જુદાઇ કેરૂં મુજ જીવ હવે દુઃખ જાણ્યું રે.
નથી ઠરતું મન કોઇ ઠાર, ગમેના લગાર;
અંગ શૃંગાર, વિરહની ઝાળ, હૈયામાં ફાળ.
ચાહું ન અવર ચિન્ત માંય, પ્રેમની પ્યાસીરે,
કેમ કઠિન હૃદય કરી રહ્યા, પ્રિય પ્રવાસીરે.

રઘુનાથ— (૨૨)

આઠ જામ નહિં વિરામ તું વિના અરે
તું વિના અરે તું વિના અરે
હૃદય કાપ, વિરહ તાપનો સંતાપ શાંતિ ક્યાં મળે.
તુને કેમ વિસારૂં તું જીવન પ્રાણ.
દિલ દમે, ના ગમે, ચિત્ત ભમે હૃદયમાં બળે—

(૨૩)

પ્યારા નિત નિત વિરહ અપાર
તમ વિણુ બાળે તન મન મારાં, દરશ દેઇ ફરી લેજો સાર.
રઘુ—બની આજારી, પ્રાણુ પ્યારી, ચિત્ત હરનારી, શાને આમ ?
શું વિચારી, હિમ્મત હારી, કરે તું ખ્વારીનું આ કામ.
સર્બુ—પ્રાણુાધારા છોડી પ્યાર, મૂકી મુજને દુઃખ મોઝાર
કરો ન કાં, રે મયા. પિયુ—પિયુ—પિયુ—

ચંદ્રરાવ— (૨૪)

નકી કરૂં પાયમાલ, એને હામથી બેહાલ;
ગજપતિ તણો બાળ, એ છે મુજ તાબેદાર
નકી કરૂં નીરાધાર, રખડતો ઠાર ઠાર;
હૈયે હળાહળ ઝેર, લઉં એ પાપીનું વેર
કરી એનાપર કેર, પછી કરૂં લ્હેર મ્હેર
નામ ઠામ એનું જાય, ચિત્ત નિત્ત એમ ચ્હાય.
જશ જોઇ એના હાય, હ્રદયમાં લાગે લાય.
કરીને એને અખમ, પાપીને પુરો જખમ
ભુલે સાન ભાન ગમ, ખુશી થઉં એકદમ.
રખડતો રઘુનાથ જોઇ હરદમ. નકી.

અંક બીજો.

શિવાજી— (૨૫)

ક્ષત્રિનો સમાજ આજ કેમ થયો લીન;
ઠામ ઠામ હામ ધામ, છોડી થયા દીન;
જયસિંહરાય ધીર વીર શસ્ત્રમાં પ્રવીણુ.

વિશ્વમાં વિખ્યાત એજ અરિને આધીન;
ક્ષત્રિયોનું તેજ નાશ પામતું આ દિન,
નામ્યું, પામ્યું, વામ્યું,—જગમાંહીં—ક્રો, નાંહી
સઉ આંહી—થયા શૌર્ય હીન—

જયસિંહ—શોચ શીદ કરો શિવાજી રાજ દિલ જરી;
ગહન ગતિ ઇશની આ વિશ્વમાં ભરી.
સ્હેજથી સ્વિકારી નથી અન્ય નોકરી,
લડતાં—પડતાં—મરતાં—ગયા હારી—થઇ ખ્વારી,
બહુ ભારી—શક્તિ સઉ હરી.

જયસિંહ— (૨૬)

ન્યારા કરવા અરી મારી રણમાં;
મારી રણમાં અતિ શૂર રાખી તનમાં,
દુઃખ પડે ડગે નહીં શુરા રણમાં,
આર્ય વસુધા રક્ષણ માટે રજપુત વીરા બહુ ઝુઝયા રણમાં.

શિવાજી-- (૨૭)

ખબર પ્રથમથી પડી ન મુજને કપટ ભરી જે આ તારી;
નીતિ, ભ્રાતિ, રીતિ, પ્રીતિ—અજબ સઉ મેં તો ન્યાળી.

રઘુ—વચન વદીને વિના વિચારે, ગજબ કરો શું સ્વામિ આ.

શિવા—અરે તું, ૫ટ તું, છટતું હઠ તું, નીકળ તું જા કપટાચારી

રઘુ—કપટ કર્યું નથી સ્વામિ સ્વપ્ને, બેશક જાય કદી શિર આ—
અરે આ, શિર ધા ન વૃથા, કરતાં

શિવાજી—બસ કર લવારી તસ્કર તારી, કતલ કરીશ આવારે તુજને
નજરથી પાપી જલ્દી જા, અરે જા, દુર થા મુરખા ખસ જા—
રઘુ—ગજબ કરો નહી શિર ભારી.

લક્ષ્મી— (૨૮)

પ્યારા પ્રાણ થકી મારા, આ દીન દાસી તમ દારા
રઘુનાથ મારો બંધુ પ્યારો, એ છે પિયુ શરણે તમારા.
શરણુ ગ્રહું. તરછોડો ન સ્વામી, ઘટે નહિ આમ પિયુ મારા—
દીન દારાને તમ વિણ પ્યારા, નથી એકે અવર આધારા.

રઘુનાથ— (૨૯)

દુઃખનો પાર હું પામ્યો નહિં, વેરણ વિધાતા આવારે થઇ.
બાળપણાથી મા બાપ વિનાનો, સુખ સાહેબી સરવે ગઇ—
ભગિની તણી પણ ભાળ ન લાગે, દર્શન આશા ન એની રહી.

લક્ષ્મી— (૩૦)

પ્યારી ઉપવન તરૂઓની લતા,
મનહર સુખકર વહે શીતવાયુ નોતમ નભચર કરત મજા,
કુસુમ સુગંધી ચૂમ્મે મધુકર દ્રાક્ષ ઘટા ધરે છટા મહિપર
ચિત્ત હરનારૂં, ઉપવન પ્યારૂં, પુષ્પ લતા લટકે શિરપર—

રઘુનાથ— (૩૧)

જગપતિ આ શું ચિત્ત મુજ ફરકે, જરી ન જંપે મન મારૂં
ક્યાંથી બ્હેની લક્ષ્મી મારી સ્વપનું આ શું નઠારૂં
ચિત્તમાં ચિંતા શી જામી ? સાધન સુખના સઉ વામી.

લક્ષ્મી—મોંઘા સઉથી મારી જાયા, બંધુ પ્રિય મારા
બ્હેની પ્યારી હું છું તારી શંકા તજ પ્યારા
ભ્રાત, કુળ દિપક છો હિરા, રઘુનાથ તું મુજ વીરા.

રઘુનાથ— (૩૨)

પ્રીતથી રીતથી તું બ્હેની આવાર
આપે આશિશો અપાર

લક્ષ્મી—કલંકને દુર કર કર અસિ ધારી.
નીતિ રીતિ દીલમાં તું જોને વિચારી.
શું થાયે મુંઝાએ ભાઈ—વાર—વાર—વાર—

રઘુ—બ્હેન પ્રિય તું લક્ષ્મી મારી, તુજ વચનો મુજ શિરપર ધારી,
આદ્ય ક્ષત્રિની રીત વિચારી કલંક શત્રુ હણું કર અસિ ધારી

લક્ષ્મી—સુખી તું ભાઇ મારા, રહીશ સદાયે પ્યારા,
નાશ પામો અરિ નિશ દિન તારા તારા—

સર્વ— (૩૩)

હાય અચાનક આ શી વાત, અરે ઉત્પાત—
આવાર ઉરમાં ઝાળ કાળથી થાય પ્રાણની ઘાત
હાય સિધાવ્યા સ્વર્ગે તાત, વળી ગઇ માત
આ ઠાર એક આધાર સાર મમ પ્રેમી તું રઘુનાથ—
સઉ બોલે મમ જીવનહારા, મળી વિચારો કરે નઠારા,
બળવાખોર કહે છે પ્યારા, આ શું નાથ, શરમની વાત.

(૩૪)

પ્યારાને કહેજો મારાને—
ક્ષત્રિની રીતિ વિચારીને સ્વામી

અસિ ધરી કર અંતર્યામી
વિજય કરો પિયુ અરિથી લડતાં, શાંતિ થશે આ દારાને
સત્યનો બેલી છે અંતર્યામી, સહાય થશે તમને જગ સ્વામી
શ્રૃષ્ટિ કરતા જનમન ભરતા, કરે સુખી મુજ પ્યારાને.

શિવાજી વિગેરે— (૩૫)

સુણો સઉ પ્રીય પરમ આધાર, જઇ હું આવું દીલ્લી મોઝાર
રાજ સુધારો પ્રજા વધારો નીતી પ્રસારો અપાર.
દીલ્લી સ્વામી કપટી કામી નીચ હરામી નામી;
સાવધ રહેજો તેથી તમો ત્યાં કહીએ અમો આવાર;

રાણી-દાસીઓ— (૩૬)

સુંદર શોભે, શિયળશ્રૃંગારે સતિ
સત્યને દિપાવે વ્રત નેમે અતિ
પુન્ય લોભે, ઇશ્વર ગણી સેવે પતિ
રીઝવે લલિત નિત ભૂષણ થકી
મધુર વચન મય કંચુકી, સદ્દગુણ રૂપ શ્રૃંગાર
દાન ચુડી કર પર ધરે, ધન્ય ગણો અવતાર
શિર પર શિળ ગુણ વેણી સોહાએ
ભણુતર નવસરહાર ગણાએ
ધન્ય જગ માહીં એ નાર ભણાએ
તમે સઘળી થજો એવી સદ્દગુણ વતી—

શંભાજી— (૩૭)

આ માડી આ શું બોલે (૪) કરે આમ કેમ ?

હોંશ ઘણી છે દિલ્હી જોવાને શાને રોકો છો આમ—
ખુશી થઇને રજા આપો મુને, કહું કરીને પ્રણામ—
મહારાજા સંગ જાવા મન, માતુ કહું હું સત્ય વચન.

રાણી— (૩૮)

સ્વામી વિગ્રહ તજી રહો ઘેર સંભાળ રાખોને સ્વસ્થાનનીરે
શિવા—જાઉં અરિને કરવા જેર મનથી ચિંતા તજી દે ને માનુનીરે
રાણી—પદ પ્રણમી કહું છું નાથ નવ લડશો એકલડા અનંતથીરે
શિવા—મા ભવાની તણો ઉદ્દેશ ખોળી, સંહારું અરિ ખંતથીરે
સ્વદેશ છોડાવું શત્રૂથી કરૂં સ્વધર્મ રક્ષાય.
ત્યારે મારા જીવતરનું ખરૂં સાર્થક કર્યું ગણાય.

શંભાજી— (૩૯)

પિતાજી સંગે હું આવું દિલ્હી
ત્યાં નહિ રહું તમ, તમ વિણ પલભર.
શિવા—સરસ હરખ રાખી નિશ દિન અંગ સુખ દુઃખ સઉ
સહેવાં રહી મુજ સંગ—
શંભા—ચિત્ત ખુશ નવ રહે તમ વિણ ક્ષણભર
શિવા—જીકર જીકર શીદ તું કર મુજ સંગ
હર ઘર ધર રહી ચિત્ત નિત કર રંગ,
ખટપટ તજ તુજ મમતા દુર કર.

રાણી— (૪૦)

વિજય પામીને વ્હેલા પધારજોરે લોલ
સમરમાં ઝુઝીને શત્રૂ સૈન્યને સંહારજોરે લોલ.
ક્ષત્રિ રીતી નીતિને અનુસરી રે લોલ.

સન્મુખે લડીને નામ દાદાનું દિપાવજોરે લોલ.
ભીડ ભંજની ભવાની ભાવથી રે લોલ.
રક્ષસે સદાય સંકટેથી મન ધારજોરે લોલ.

અંક ત્રીજો.

શિવાજી— (૪૧)

શું શાંત થઇનેરે સુતો તું જગતાત,
અવનીતલમાં યવન કરે છે રે ગોદ્વિજ કેરી ધાત;
આર્ય તણી સંભાળ લેવાનેરે આળસ તજ બળ ભ્રાત.

સંભાજી— (૪૨)

જગપતિ આ શી વાત આર્યોપર હદવાળી
જદુપતિ જો તું સૌ ન્યાળી, કરે છે અરિ જુલમ ભારી
દયા ન દિલ ધારી—
ખંડન ધર્મ તણા કરનાર, કરે વિચાર ન સારાસાર
જુલ્મ કરી રજપૂત બાળા, રાખે ઘર બુરૂં કરનારા
નાબુદ થઇ ક્ષત્રિનું નામ, શું અવનીથી નાઠું આમ
શું ઇચ્છા એ તારી? જગપતિ.

ગુણિકાઓ— (૪૩)

મગ રેસા રેગ રેગ મપ—મગ મની ધની સાની ધપ
પ મ ગ રે સા, સાની રેગ રેગ મપ—મગ રે સા—
પપમ રેરેગ સાસારે નીનીસા—
ધધની પપધ મમપ ગગમ,
પમ ગરેસા, સાની રેગ રેગ મપ—મગરેસા—

શિવાજી— (૪૪)

મુને દિલ્હી બોલાવીને દગો દીધો દગો દીધો,
વળી બાંધ્યો વચન લઇને, દગો દીધો દગો દીધો
કર્યું અપમાન તેં આ વાર, હવે બાદશાહ થજે તૈયાર
લઇશ બદલો હું તો નિરાધાર—

રઘુનાથ— (૪૫)

જે ઇષ્ટ તણી પૂજા બાલ્ય કાળથી બહુ વિધિ હું કરૂં છું.
શિર તે સારૂં સમર્પ્યું, તોયે તેની વિના કૃપા ફરૂં છું.
એ અકૃપાની શાંતિ, વાસ્તે વ્રતમેં વિકટ ગ્રહણ કીધું.
પ્રવાસ કરી દેશોમાં, કરવા ઇષ્ટ પ્રસન્નતા નીમ લીધું.

શિવાજી— (૪૬)

રે પ્યારો રઘુનાથજી મારો, એનો કર્યો મેં અન્યાય અતિરે
શુરવીર ધીરવંતને એ સાચો, નિર્દોષીની મેં કરી દુર્ગતિરે
પસ્તાવો હવે પૂરણ થાયે, કર્મે કરી મુજ થઇ કુમતિરે.
ફરી નજર તુજપર જેર કરીને ફેર અરે મુજ બુદ્ધિ ફરી
સુખ સાધન સઉતવ લીધાં હરી, દીલસાર વિચાર કર્યો ન જરી
ઉલટી વિપરીત ક્રિયા મેં કરી, મુજ ચરચર છાતિ જરત અતિરે

શિવાજી— (૪૭)

તુને શાબાશ બંધુ આવાર, લીધી મુજ સાર કરી પ્યારરે
ઉપકાર—અસિ કર માંહી ધરી, સંકટમાં સાહ્ય કર.
ધન્ય તુને સિતાપતિ ચિતવૃત્તિ શુધ્ધ અતિ
વાર વાર જોઉં ન્યાળી, સીતાપતિ હદવાળી.
મારી તેં ફાળ કર્યો સંહાર મુજ અરિનો આઠાર,

રઘુનાથ— (૪૮)

કોઇ દુઃખી દીલનું દુખ શું જાણે, પાપી જન મોજ મજાહ માણે,
નવ ન્યાય ખરો કો મન આણે, સઉ સ્વામી મુજને પરમાણે.
હું સેવક આપ તણો સ્વામી, કરો દોષ ક્ષમા કહુ શિરનામી.
થઉં પવિત્ર પ્રભુ સેવા પામી, રહું શુધ્ધ ચિતે દુઃખ સઉવામી
નથી સીતાપતિ હું તો સ્વામી, "રઘુનાથ" હું છું કહું શિરનામી.

શિવાજી— (૪૯)

શોધીને ભુતળથી અરિ મારૂં
નિડર અરિ સઉ ફરત હરત જોઇ, અંગ જરત આ મારૂં,
દિલ્હી નગર મુજ ભુજથી તોડી, અનહદ હદ કરી વાળું
આવો સત્વર સ્વદેશે જઇએ, મળે ક્ષત્રીજ ગો ન્હાળું.

રાણી— (૫૦)

પિયુ જતાં પરદેશ હાલત મારીરે
બની દુઃખમાં હું બેહાલ અબળા નારીરે.
જમતાં જીવન હાર, અન્ન ન ભાવેરે
મુને સુતાં સેજે નાથ નિંદ્રા નાવેરે.
ચડું અગાશી ઉપર નાથ તમને જોવારે
ઉભી નિહાળું વાલમવાટ દુઃખડાં ખોવારે
ક્યારે આવીને મળશો કંથ પ્રીતમ પ્યારારે
છું નિરપરાધી નાર હું તમ દારારે—

રાણી— (૫૧)

કર તું સઉ તૈયારી દાસી કર તું સઉ તૈયારી
પતિ સેવન સુખકારી—
સ્નાન વિધિ સામગ્રી સારા, સઘ સુગંધી લાવ તું પ્યારી
અન્ય કામ નિવારી—
અત્તર અર્ગજા ચંદન સંગે. સેવ્ય સાહિત્યો લાવ ઉમંગે
પુષ્પ હાર ગજરા ખુશકારી—

શંભાજી—માતુ મારો ધર્મ વિચારી, કરીશ સેવા હવે તમારી.

રાણી—મીઠિ મીઠિ બોલી તારી, લાગે મુજને આનંદકારી
ચાલો સાથ હમારી—

લક્ષ્મી— (૫૨)

કરીને દુખીયારી દારા પ્રયાણ શું કરી ગયા પ્યારા,
નાથજી નીરાધાર કીધી તમે શા દોષે તજી દીધી,
ઓથ અવનીપરથી અલગી થઇ ટેકો ગયો તુટી,
શીરછત્ર સિધાવ્યા સ્વર્ગે અબળાને લુટી,
વહે નેત્રથી નીરધારા નાથ કેમ કરૂં કદી ન્યારા.

(૫૩)

વિરા વિચારીરે (૨) સતી થાશે બેન તારી
મોહ માયાને વીસારી સ્વામી સંગે તન મન.
લાગ્યું મારૂં જાવા ધારૂં હરખે આવારે.
ચિંતા ના કરીશ મારી ભાઇ કોઇ દિન
નવ રહેશે બેની તન દયા ધરને તું મન

જગ માંહી તુજ વીણુ થાઉં હાલ બેહાલ
હવે કહે કરૂં કેમ લાવ ભાઇ પરે રેહેમ,
વિરા વ્યર્થ તારો પ્રેમ સતી સમજે આ કાળ.

સર્યુ— (૫૪)

આપોને પ્રિય પ્રાણ દર્શન આપોનેરે
દાસીપર કરીને કૃપાય—
નાપ જીભલડીએ તમારો જપું છું, વ્હાલા વિરહાગ્નિથી હું તપું છું.
ઘેલછા માંહી ખપું છું—
પટ ઋતુઓ તણી ખુબીઓ નિહાળી, વિરહ દશાએ વિશેષ પ્રજાળી.
હાય દુઃખે હદ વાળી—દર્શન.

સખીઓ— (૫૫)

રૂવે છે શું બ્હેન રૂવે છે શું
ખમા ખમા તુને થયું આ શું ?
વિનોદ વાતો કરતી હતીને,
મોઢાનું નૂર પૂર ઉડી ગયું—
રઘુનાથજીનું નામજ લેતાં
ઘેલી થઇ આમ પડી શું તું—
સાવધ થઇને શાણી તું સર્યૂ;
કારણ આ સઉ કહેની તું—

સર્યુ— (૫૬)

સતાવો તમે પ્રિતમ મુને શું કરવા—
મુને શું કરવા—મુને શું કરવા—સતાવો.

ક્ષણે ક્ષણે મમ જીવણુ આણુ ધ્યાન ધરી નિરખું નિર્વાણુ.
પ્યારા તમ નામ, જપું આઠે જામ,
વિસા રી શું પ્યા રા આ દા રા
આ મ ર હી ને ન્યારા—

-સર્યૂ અને રઘુનાથ— (૫૭)

ધન્ય ઘડી આજ **આનંદકારી**
ઇન્દુ મુખી પ્રિયા તુને નિહાળી.
પ્રાણપતિ મુને કીધી આભારી, અંતર્યામી છે વિનતી મારી
સુખે રહેશું હવે પ્રિતમ પ્યારા,
આનંદ અંગ વધે પ્રિય મારા
સેવું સદા પ્રિતે ચરણુ તમારા
વિનય વાકય તારાં દિલ હારા, તું પ્રિય મારી,
તમ પર વારી, ચંદ્રમુખી—કીધા સુખી.
પ્યાર વધારી દે ચુમ્બન પ્યારી
શું શરમાવી કરો આભારી
ચાલો આવારે—હર્ષ વધારે.

સખીઓ— (૫૮)

વીવા તે વીગતે વરણવું ગણુનાયક ગુણ નીધી દેવ.
ગીરી સુતા સુત ચર્ણની કરીયે નિરંતર સેવ;
એઠા મંડપમાં વર રાય રે કન્યા ઉરે ઉમંગ ન માય રે
નર નારી તે મંગલ ગાય રે, કન્યાદાન પ્રીતિથી દેવાય રે.
આનંદ ઉત્સવ આજનો મળી માનુની મંગળ ગાય,
હેતે હળી મળી આવતી હૈયે હરખ ન માય.

બધા— (૫૯)

પ્રભુ મ્હેર રાખશો દયા દ્રષ્ટિ દાખશો;
માગીએ સઉ મળીને આજ
થાય આર્ય ભુમિ માંય, શિવાજી સમાન રાય—
એજ ઇચ્છે આર્યનો સમાજ
રઘુનાથ જેવા વીર, ધર્મ ધારીને સુધીર.
પ્રગટ થાય સ્વામી સેવાકાજ
આજ આજ આજ આજ આજ
થયો ખેલ પૂર્ણ તુજ કૃપા થકી
ખરે પ્રેમે વંદીએ જગતપતિ.

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે મુજબ કિમ્મતથી નાટકના ઓપેરાની ચોપડીઓ જે સાહેબોને જોઇતી હશે તેને રોકડે પૈસે વાંકાનેર આર્ય હિત વર્ધક નાટક કમ્પની પાસેથી મળશે:—

ભક્તરાજ પીપાજી નાટકના ઓપેરા	...	૦—૨—૦
ધુંધુમાર નાટકના ઓપેરા	...	૦—૨—૦
મીરાંબાઇ નાટકના ઓપેરા	...	૦—૨—૦
નરસીંહ મહેતો નાટકના ઓપેરા	...	૦—૨—૦
સંસારી સાવિત્રી નાટકના ઓપેરા	...	૦—૨—૦
જગતસિંહ નાટકના ઓપેરા	...	૦—૨—૦
શૈલબાળા નાટકના ઓપેરા	...	૦—૨—૦
ઇન્દુમતી નાટકના ઓપેરા	...	૦—૨—૦
સતી સુંદરબા નાટકના ઓપેરા	...	૦—૨—૦
ચંદ્રકાન્તા નાટકના ઓપેરા	...	૦—૨—૦
નર્મદા નાટકના ઓપેરા	...	૦—૨—૦
રમણ સુંદરી નાટકના ઓપેરા	...	૦—૨—૦
સીતા સ્વયંવર નાટકના ઓપેરા	...	૦—૨—૦
પ્રેમચંદ્રિકા નાટકના ઓપેરા	...	૦—૨—૦
સત્યવાદી હરિશ્ચંદ્ર નાટકના ઓપેરા	...	૦—૨—૦
મહારાણા પ્રતાપના ઓપેરા	...	૦—૨—૦
ગોપીચંદ નાટકના ઓપેરા	...	૦—૨—૦
કુમુદ કિશોરી નાટકના ઓપેરા	...	૦—૨—૦

ઉપરનાં પુસ્તકો કંપનીના મુકામેથી મળશે તેમજ ગુજરાતના તમામ નામીચા શેહેરોમાં અમારી કંપનીના દરેક એજંટો પાસેથી મળશે. વેલ્યુપેબલ અથવા નોટપેડ કાગળ રાખવામાં આવશે નહિ. વિનંતિ ગ્રંથ કર્તા.